**<u>કૉમ્પ્યુટર કૌશલ્યની સીસીસી / સીસીસી પ્લસ પરીક્ષા પાસ કરવા અંગે.</u>**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ.૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨-૧-૨૦૧૨

વંચાણે લીધા :- (૧) સા.વ.વિ.નું તા: ૩૦-૯-૨૦૦૬નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક.

(૨) સા.વ.વિ.નો તા: ૩૦-૯-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક.

(૩) સા.વ.વિ.નું ત.: ૨-૧-૨૦૧૨નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૨-૦૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક.

**<u>પરિપત્ર :</u>**

કૉમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર સરકારી કર્મચારીઓ / અધિકારીઓએ બઢતી મેળવવા માટે કૉમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત સીસીસી / સીસીસી પ્લસની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઇ, ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે પણ આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં, સરકારી કર્મચારીઓ / અધિકારીઓને કૉમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવીને કૉમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા તા: ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરી શકાશે, તેવી પ્રારંભમાં જોગવાઇ કરવામાં આવેલ હતી, જે મુદત વખતોવખત લંબાવવામાં આવેલ છે અને હવે ઉપર વંચાણે લીધેલ ક્રમ : (૩) આગળના તા: ૨-૧-૨૦૧૨ના જાહેરનામાથી તે મુદત તા: ૩૦-૬-૨૦૧૨ સુધી લંબાવવામાં આવેલ છે. **આ મુદત હવે તા: ૩૦-૬-૨૦૧૨ પછી નહીં લંબાવવાનો પણ સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.** સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે :-

(૧) જે કર્મચારીઓ / અધિકારીઓને છેલ્લે તા: ૩૧/૧૨/૨૦૧૧ સુધીમાં સી.સી.સી./ સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી સી.સી.સી. / સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તેવા કર્મચારીઓ / અધિકારીઓએ આગામી ત્રણ માસ એટલે કે તા: ૩૧/૩/૨૦૧૨ સુધીમાં અથવા તેમની વયનિવૃત્તિની તારીખ - એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીમાં, આ

પરીક્ષા અચૂક પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો / ખાતાના વડાઓ / કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતા યાદી તૈયાર કરી, તેમને સી.સી.સી. / સી.સી.સી. પ્લસની તાલીમમાં મોકલવા માટે **પ્રથમ અગ્રતા** આપવાની રહેશે.

(૨) જે કર્મચારીઓ / અધિકારીઓને તાઃ ૧-૧-૨૦૧૨ કે ત્યાર બાદ સી.સી.સી. / સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે તેવા કર્મચારીઓ / અધિકારીઓએ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર થયાના ત્રણ માસ સુધીમાં અથવા તેમની વયનિવૃત્તિની તારીખ અથવા તાઃ ૩૦-૬-૨૦૧૨ - એ ત્રણમાંથી જે વહેલું હોય ત્યાં સુધીમાં આ પરીક્ષા પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો / ખાતાના વડાઓ / કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ/ અધિકારીઓની અગ્રતા યાદી તૈયાર કરી, તેમને સી.સી.સી. / સી.સી.સી. પ્લસની તાલીમમાં મોકલવા માટે **દ્વિતીય અગ્રતા** આપવાની રહેશે.

(૩) તાઃ ૧/૭/૨૦૧૨ના રોજથી જેમણે સી.સી.સી. / સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ કર્મચારીઓ / અધિકારીઓના કેસમાં બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા વિચારણા કરવાની રહેશે. અને જેઓએ આવી પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહિ.

૨. સચિવાલયના સર્વે વિભાગોને ઉકત સુચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવા આથી સૂચના આપવામાં આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના અધિકારીઓ / કર્મચારીઓના ધ્યાને લાવવાની રહેશે).

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે.એમ.જોશી

( જે.એમ.જોશી )
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.

- માન. મંત્રીશ્રી / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
- માન. સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશો.
- મુખ્ય સચિવશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ઉપ સચિવશ્રી, કૉમ્પ્યુટર સેલ, સા.વ.વિ. સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / ગાંધીનગર.
- એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉક્ત સૂચનાઓ તેમની હેઠળના કચેરીઓના વડાઓને મોકલવાની વિનંતી સાથે).
- રાજ્ય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ.
- ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ રાજ્ય લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫.
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સીલ ઓફ વૉકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે.
- એક્ઝીક્યુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ -GSWAN પર પ્રસિધ્ધિ અર્થે.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ / ક - શાખા.

<u>પત્ર દ્વારા.</u>